| | | | |
|---|---|---|---|
| કેસ કમિટ કર્યા તારીખ: | ૦૩–૦૨–૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ: | ૦૯–૦૨–૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ: | ૦૨–૦૬–૨૦૨૬ | | |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૩ | ૨૪ |

# મહે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ: આણંદ.

## સેશન્સ કેસ નંબરઃ ૨૧/૨૦૨૬

| | |
|---|---|
| **ગુનોઃ–** | આણંદ ટાઉન પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટ્રેશન નંબરઃ ૨૨૮/૨૦૧૩, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૯૪, ૧૧૪ અન્વયે. |

## ફોર્મ–એ

| | |
|---|---|
| **ફરિયાદીઃ–** | શ્રી સરકાર<br>(મૂળ ફરિયાદીઃ મંજુલાબેન રાઘુભાઈ પ્રજાપતિ) |
| **વિ.પી.પી.શ્રીઃ–** | શ્રી જે.એસ. ગઢવી |
| **આરોપીઃ–** | ઈમ્ત્યાજભાઈ અબ્દુલભાઈ મલેક<br>રહે.ખુંટજ, સુન ચોકડી, તા.નડીઆદ, જિ. ખેડા. |
| **આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રીઃ–** | શ્રી એસ.એસ. વ્હોરા |

## ફોર્મ – બી

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | તા.૦૨–૦૫–૨૦૧૨ |
| **ફરિયાદની તારીખઃ–** | તા.૨૭–૧૨–૨૦૧૩ |
| **ચાર્જશીટની તારીખઃ–** | તા.૦૫–૦૨–૨૦૧૫ |
| **તહોમત ફરમાવ્યાની તારીખઃ–** | તા.૦૭–૦૪–૨૦૨૬ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખઃ–** | તા.૧૫–૦૪–૨૦૨૬ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ–** | –––– |
| **ચુકાદાની તારીખઃ–** | ૦૨–૦૬–૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો,** | – – – – – – |

**આરોપીની વિગતઃ–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડની કલમ– ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ઈમ્ત્યાજ ભાઈ અબ્દુલભાઈ મલેક | ૨૮–૧૨ –૨૦૧૩ | જામીન પર મુકત છે. | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૯૪, ૧૧૪ | નિર્દોષ | – | – |

## FORM–C

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના શાહેદોનું લીસ્ટ**

**(એ) ફરિયાદપક્ષ તરફનો મૌખિક પુરાવો**

| અ.નં. | શાહેદનું નામ | શાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | મંજુલાબેન કનુભાઈ પ્રજાપતિ | ફરિયાદી | ૦૭ |
| ૨ | રમતુજી કાનાજી ચૌહાણ | તપાસ કરનાર અમલદાર | ૨૨ |
| ૩ | મુકેશભાઈ વજેસિંગ ભગોરા | તપાસ કરનાર અમલદાર | ૨૫ |

**(બી) બચાવપક્ષે શાહેદો જો હોય તો,**

| શાહેદ નંબર | શાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ શાહેદ જો કોઈ હોય તો,**

| શાહેદ નંબર | શાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | |
|---|---|---|
| (૧) | ફરિયાદ | ૦૮ |
| (૨) | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૦૯ |
| (૩) | સોનાના દોરાનું પંચનામુ | ૧૦ |
| (૪) | જય કૃષ્ણ જવેલર્સનું પ્રમાણપત્ર | ૧૧ |
| (૫) | સેશન્સ કેસ નં.૪૫/૧૫ ના કામે થયેલ શાહેદ જયતકુમાર શતિલાલ સોનીની જુબાની | ૧૨ |
| (૬) | સેશન્સ કેસ નં.૪૫/૧૫ ના કામે થયેલ શાહેદ મનિષકુમાર કાંતિલાલ સોનીની જુબાની | ૧૩ |
| (૭) | સેશન્સ કેસ નં.૪૫/૧૫ ના કામે થયેલ શાહેદ કેતનકુમાર નટુભાઈ ઠાકોરની જુબાની | ૧૪ |
| (૮) | સેશન્સ કેસ નં.૪૫/૧૫ ના કામે થયેલ શાહેદ ઈમાનીશા છોટુશા દીવાનની જુબાની | ૧૫ |
| (૯) | સેશન્સ કેસ નં.૪૫/૧૫ ના કામે થયેલ શાહેદ ફારુકભાઈ ગુલામમહંમદ વોરાની જુબાની | ૧૬ |
| (૧૦) | સેશન્સ કેસ નં.૪૫/૧૫ ના કામે થયેલ શાહેદ કાળાભાઈ નાનાભાઈ વાઘેલાની જુબાની | ૧૭ |
| (૧૧) | સેશન્સ કેસ નં.૪૫/૧૫ ના કામે થયેલ શાહેદ મંજુલાબેન ઉર્ફે ઉર્મિલાબેન કૌલાશચંદ્ર શાહની જુબાની | ૧૮ |
| (૧૨) | સેશન્સ કેસ નં.૪૫/૧૫ ના કામે થયેલ શાહેદ રમતુજી કાનાજી ચૌહાણની જુબાની | ૧૯ |
| (૧૩) | વાહન– મોટરસાયકલનું પંચનામું | ૨૩ |
| (૧૪) | કલમનો ઉમેરો કરવાનો રિપોર્ટ | ૨૪ |

**બચાવપક્ષ તરફે રજૂ દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ |
|---|---|
| – | – |

**કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## <u>મુદ્દામાલની વિગત</u>

મુદ્દામાલ પાવતી નં.૦૦/૧૩, તા.૨૮–૧૨–૨૦૧૩ તથા મુ.પા. નંબરઃ ૦૦/૧૩, તા.૩૧–૧૨–૨૦૧૩.

| અ. નં. | મુદ્દામાલની વિગત | કીંમત |
|---|---|---|
| ૧ | ટી.વી.એસ. સુઝુકી મોટરસાયકલ રજી.નં.જી.જે.૭–એ.ડી. ૬૯૦૩ | રૂ. ૭,૦૦૦/– |
| ૨ | સોનાનો દોરો મેથી ભાતનો MK નું પેડલ ફીટ કરેલ ૨૦ કેરેટનો સવા તોલાનો | રૂ.૪૦,૦૦૦/– |

## <u>॥ ચુ કા દો ॥</u>

(૧) આરોપી સામે આંકઃ ૦૫ થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૯૪ સાથે વાંચતા કલમ– ૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. તે તહોમતનો આરોપીએ નિવેદન આપી ઈન્કાર કરેલ, આથી કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખેલો. તે બાદ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

### <u>ફરિયાદપક્ષના કેસની ટૂંકી હકીકત:–</u>

(૨) બનાવની ફરિયાદ મંજુલાબેન તે કનુભાઈ રાઘુભાઈ પ્રજાપતિના પત્નીએ તા.૨૭–૧૨–૨૦૧૩ ના રોજ આણંદ ટાઉન પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ આપેલ છે જે સદર કામે આંકઃ ૦૮ થી રજૂ છે. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, હાલના આરોપી તથા અગાઉ પકડાયેલ અન્ય સહઆરોપીઓ પૈકી સહઆરોપી ઈમરાનશા કાલુશા દીવાને ફરિયાદી મંજુલાબેન કનુભાઈ પ્રજાપતિ તા.૨–૫–૨૦૧૨ ના રોજ આણંદ ચોગી પંપ સામે શાહેદ મંજુલાબેન ઉર્ફે ઉર્મિલાબેન કૈલાસચંદ સાથે કલાક ૨૨–૧૫ વાગ્યે ચાલતા ચાલતા જતા હતા તે વખતે તેઓની બાતમી હાલના આરોપીએ અન્ય સહઆરોપી અશરફબેગ

હૈદરબેગ મિરઝાને આપતા તે સહઆરોપી તથા હાલના આરોપી પોતાની સુઝૂકી મોટરસાયકલ નં.જી.જે.૭ એ.ડી. ૬૯૦૩ ની નંબર પ્લેટ કાઢી નાંખી બાઈક લઈ આવી ફરિયાદી બેનના ગળામાં પહેરેલો સોનાનો દોરો એમ.કે. લખેલ પેડલવાળો દોઢ તોલા વજનનો કીંમત રૂ.૪૦,૦૦૦/- ની મત્તાનો ફરિયાદીના ગળા ઉપર નખના ઉઝરડા પાડી તોડી લઈ જઈ અન્ય સહઆરોપી નૈનેશભાઈ દિનેશલાલ સોનીને વેચી હાલના આરોપીએ અન્ય સહઆરોપીઓ સાથે મળી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૯૪ સાથે વાંચતા કલમ- ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

(૩) સદરહુ ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારે ફરિયાદી તથા શાહેદોના નિવેદનો નોંધી લઈ તથા ગુનાવાળી જગ્યા, વાહન કબજે કર્યાના, સોનાના દોરાના વિગેરેના પંચનામાની વિગતોએ પંચનામા કરી, તપાસની જરૂરી કાર્યવાહી કરી આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતાં તપાસ પૂર્ણ થયા બાદ ચાર આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૯૪, ૪૧૩, ૧૧૪ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ આણંદના વિ. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની અદાલતમાં રજૂ કરેલું. ત્યારબાદ હાલના આરોપી ઈમ્તીયાજભાઈ હાજર ન રહેતાં સદર આરોપી પુરતો કેસ અલગ કરી સદર આરોપી સામે નવું ચાર્જશીટ કરવાનો હુકમ કરેલ અને બાકીના આરોપીઓ સામે કેસ સેશન્સ કમિટ કરેલો. ત્યારબાદ હાલના આરોપી મળી આવતાં તેઓ વિરૂદ્ધ ચીફ કોર્ટમાં નવું ચાર્જશીટ કરવામાં આવેલું જે ક્રિમિનલ કેસ નં.૬૩૭/૨૦૧૫ થી નોંધાયેલ. સદર કેસ સેશન્સ ટ્રાયેબલ હોવાથી આણંદના વિ. પાંચમા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીએ સદર કેસ તા.૦૩-૦૨-૨૦૨૬ ના રોજ હુકમ કરીને ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ-૨૦૯ મુજબ અત્રેની સેશન્સ કોર્ટમાં કમિટ કરેલ છે.

(૪) આરોપીને ધોરણસર પ્રોસેસની બજવણી થતાં, તેઓ પોતાના વિદ્ધાન વકિલશ્રી સાથે મુદતે હાજર થતાં, આરોપીને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરેલ. વિદ્ધાન એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યુટરે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૬ અન્વયે કેસ ઓપન કર્યા બાદ, કેસ પેપર્સ વંચાણે લઈ **આંકઃ ૦૫** થી આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૯૪, ૧૧૪ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આંકઃ ૦૬થી આરોપીની પ્લી રેકર્ડ કરેલ જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરિયાદપક્ષે વિદ્ધાન પબ્લિક પ્રોસિક્યુટરએ પોતાનો કેસ સાબિત કરવા માટે ઉપર ફોર્મ–Cમાં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

(૬) ફરિયાદપક્ષે વિદ્ધાન પબ્લિક પ્રોસિક્યુટરએ આંકઃ ૨૬ થી પુરાવો બંધ કરવાની પુરસીસ આપતા, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરિયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે. તેઓ વિરૂદ્ધ ખોટો કેસ કરી ખોટું ચાર્જશીટ દાખલ કરેલ છે અને તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી. વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે તેમને આ સિવાય સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના શાહેદો તપાસવા નથી.

## દલીલઃ

(૭) ફરિયાદપક્ષે વિદ્ધાન એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટરશ્રીને સાંભળ્યાં. તેઓની મુખ્યત્વે એવી રજૂઆત છે કે, આ કિસ્સામાં ફરિયાદપક્ષે તપાસેલા શાહેદોના મૌખિક પુરાવાથી તેમજ

દસ્તાવેજી પુરાવાથી આરોપી વિરુદ્ધના આક્ષેપોને સમર્થન મળતું હોઈ આરોપીને દોષિત ઠરાવવા વિનંતી કરેલ છે.

(૮) આરોપીપક્ષે એવી રજૂઆત છે કે, ફરિયાદીએ તા.૨-૫-૨૦૧૨ ના બનાવની ફરિયાદ તા.૨૭-૧૨-૨૦૧૩ ના રોજ આપેલ છે. આટલી મોડી ફરિયાદનો કોઈ સંતોષકારક ખુલાસો રજૂ રાખેલ નથી. ફરિયાદમાં આરોપીનું નામ કે વર્ણન જણાવેલ નથી કે આરોપીની કોઈ ઓળખપરેડ કરવામાં આવેલ નથી કે ફરિયાદી કોર્ટ રૂબરૂ પણ આરોપીને ઓળખી બતાવતા નથી. ફરિયાદીએ બનાવ વખતે તેમની સાથે મંજુલાબેન હતા તેવું જણાવેલ છે, પરંતુ મંજુલાબેનને તપાસેલા નથી. સદર કામે કોઈ સ્વતંત્ર શાહેદને તપાસેલા નથી અને આરોપી વિરૂદ્ધના ગુનાની કોઈ હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. સદર ગુના અન્વયેના અગાઉ ચાલી ગયેલા સેશન્સ કેસમાં તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ થયેલ છે જેથી હાલના આરોપીને પણ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૯) આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, સદર ગુનાના અગાઉ પકડાયેલ સહઆરોપી ઈમરાનશા કાલુશા દીવાને ફરિયાદી મંજુલાબેન તા.૨-૫-૨૦૧૨ ના રોજ આણંદ યોગી પેટ્રોલ પંપ સામે શાહેદ મંજુલાબેન ઉર્ફે ઉર્મિલાબેન સાથે કલાક ૨૨-૧૫ વાગ્યે ચાલતા ચાલતા જતા હતા તે વખતે તેઓની બાતમી આરોપીએ અન્ય સહઆરોપી અશરફબેગ હૈદરબેગ મિરઝાને આપતા તે સહઆરોપી તથા સદર આરોપી પોતાની સુઝીકી મોટરસાયકલ નં.જી.જે.૭ એ.ડી. ૬૯૦૩ ની નંબર પ્લેટ કાઢી નાંખી બાઈક લઈ આવી ફરિયાદી બેનના ગળામાં પહેરેલો સોનાનો દોરો એમ.કે. લખેલ પેડલવાળો દોઢ તોલા વજનનો કીંમત રૂ.૪૦,૦૦૦/- ની મત્તાનો ફરિયાદીના ગળા ઉપર નખના ઉઝરડા પાડી તોડી લઈ જઈ અન્ય સહઆરોપી નૈનેશભાઈ દિનેશલાલ સોનીને વેચી આરોપીએ અન્ય

સહઆરોપીઓ સાથે મળી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૯૪ સાથે વાંચતા કલમ– ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નંબરઃ (૧) નકારાત્મક.

મુદ્દા નંબરઃ (૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**પુરાવાનું પૃથ્થકરણ તથા મૂલ્યાંકન :–**

(૧૧) પુરાવાનું પૃથ્થકરણ, વિશ્લેષણની શરૂઆત કરીએ તે પહેલા પુરાવાના મૂલ્યાંકન સમયે અદાલતે કઈ બાબતોનું ધ્યાન રાખવું તેમજ કયા પાસાને નજરમાં રાખવા તે અંગે નામદાર સુપ્રિમ કોર્ટે પોતાના વિવિધ ચૂકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લઈએ તો પ્રસ્તુત કેસના મૂલ્યાંકનમાં તે સિદ્ધાંતો મદદરૂપ થશે. **નામદાર સુપ્રીમ કોર્ટે દિગંબર વૈષ્ણવ અને બીજા વિરુદ્ધ સ્ટેટ ઑફ છત્તીસગઢ, ૨૦૧૯(૦) એ.આઈ.આર. (સુ.કો.) પેજ–૧૩૬૭** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ક્રિમિનલ જયુરિસ્પ્રુડન્સના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ફોજદારી કેસ સાબિત કરવાનો બોજો હરહંમેશ પ્રોસીક્યુશન પર રહેલ છે. વધુમાં શંકાઓ ગમે તેટલી મજબૂત ઉભી થતી હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી અને અદાલત તેવી શંકાઓના આધારે કે શકયતાઓના આધારે આરોપીને દોષિત માની શકે નહી. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટે યોગેશસિંહ વિરુદ્ધ મહાવીરસિંગ, ૨૦૧૬ (૦) એ.આઈ.આર. (સુ.કો.) પેજ–૫૧૬૦** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ પ્રોસીક્યુશને પોતાનો કેસ વ્યાજબી શંકારહિત સાબિત કરવાનો થાય છે. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટે શ્રીમતી સમીમ વિરુદ્ધ સ્ટેટ ઑફ એનસીટી દિલ્હી, ક્રિમિનલ**

**અપીલ નંબર–૫૬/૨૦૧૮ ના** કેસમાં તા.૧૯–૦૯–૨૦૧૮ ના રોજ આપેલ ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ ક્રિમિનલ ટ્રાયલ એ સત્યની શોધની પ્રક્રિયા છે અને આ પ્રક્રિયામાં અદાલતે એ જોવાનું રહે છે કે, કોઈ નિર્દોષ વ્યકિત ખોટી રીતે સજા ન પામે અને કોઈ દોષિત વ્યકિત છટકી ન જાય.

(૧૨) આમ ઉપરોકત પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી તથા બંને તરફેની દલીલોને ધ્યાનમાં રાખી રજૂ થયેલા પુરાવાઓનું પૃથ્થકરણ અને મુલ્યાંકન કરીએ તો ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં હાલના કામે કુલ ૦૩ શાહેદોને તપાસેલા છે તે પૈકી સૌ પ્રથમ **PW1, આંકઃ ૦૭ થી તપાસેલા ફરિયાદી મંજુલાબેન કનુભાઈ પ્રજાપતિ**ના પુરાવાને ધ્યાને લેતાં, તેઓએ પોતાની જુબાનીમાં સરતપાસમાં બનાવના દિવસે સવારના દશેક વાગ્યાની આસપાસ તેઓ અને તેમના પાડોશી મંજુલાબેન શાહ બંને જણા વોક ઉપર ગયેલા અને યોગી પેટ્રોલપંપ આજુબાજુ પહોંચ્યા તે વખતે પાછળથી બસ સ્ટેશન તરફથી એક બાઇક ઉપર બે વ્યક્તિઓ આવેલી અને તેમની પાસે આવી કોઇ સરનામું પુછેલું. આ વખતે તકનો લાભ લઇને બાઇકની પાછળ બેઠેલ વ્યક્તિએ તેઓના ગળામાં પહેરેલ સવા તોલાનો રૂપિયા ચાલીશ હજારની કિંમતની સોનાની ચેઇન પેન્ડલ (MK લખેલું) સાથે તોડીને તેઓ નાસી છુટેલા. ત્યારબાદ દોઢ પોણા બે વર્ષ બાદ તેઓ સુપર માર્કેટ પાસે ગયેલા તે વખતે ત્યાં બાઇક ઉપર ઉભેલા વ્યક્તિઓને જોઇને તેમને તેમની ચેઇન ખેંચવાનો જે પ્રસંગ બનેલો તે આ જ વ્યક્તિ હોવાનો ખ્યાલ આવેલો. ત્યારબાદ તેઓએ આ બાબતે પોલીસને ફરિયાદ આપેલી અને તેઓએ પોલીસને બનાવ બાબતની હકીકત જણાવેલી તેવો તેમની ફરિયાદ મુજબનો પુરાવો આપેલ છે અને મુદ્દામાલની ચેઈન તેઓની હોવાનું ઓળખી બતાવે છે.

(૧૨.૧) સદર શાહેદની ઉલટ તપાસને ધ્યાને લેતાં તેઓએ બનાવના દિવસે કોઈ ફરિયાદ આપેલ નથી તેવું સ્વીકારેલ છે. આ અંગે ફરિયાદીએ તેમની સરતપાસમાં તેઓએ પોલીસને અરજી કરેલી, પરંતુ પોલીસે ફરિયાદ લીધેલી નહીં તેવું જણાવેલ છે, પરંતુ સદર ફરિયાદીએ તેમની આંકઃ ૦૮ થી રજૂ ફરિયાદમાં તેઓએ બનાવ બાદ તુરત પોલીસને આ બાબતે કોઈ અરજી કે ફરિયાદ આપેલ હોય તેવું જણાવેલ નથી. ફરિયાદીએ તા.૦૨–૦૫–૨૦૧૨ ના બનાવની ફરિયાદ તા.૨૭–૧૨–૨૦૧૩ ના રોજ ૭ માસ અને ૨૫ દિવસ બાદ આપેલ છે. ફરિયાદીએ તેમની જુબાનીમાં તેઓ દોઢ– પોણા બે વર્ષ બાદ સુપર માર્કેટ પાસે ગયેલા તે વખતે ત્યાં બાઈક ઉપર ઉભેલા વ્યક્તિઓને જોઈ તેમને તેમની ચેઈન ખેંચવાનો જે પ્રસંગ બનેલો તે આ જ વ્યક્તિઓ હોવાનો ખ્યાલ આવતા તેઓએ પોલીસને ફરિયાદ આપ્યાનું જણાવે છે, પરંતુ સદર શાહેદ કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવતા નથી તેમજ તેઓએ તેમની ફરિયાદમાં આરોપીનું નામ કે વર્ણન જણાવેલ નથી તેમજ ફરિયાદી પાસે સદર આરોપીની એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી.

(૧૨.૨) આમ સદર ફરિયાદીના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં, તેઓના પુરાવાથી બનાવ વખતે તેમની સોનાની ચેઈન પેન્ડલ સાથેની કોઈ ઈસમ તોડીને નાસી ગયેલ હોવાની હકીકત ફલિત થાય છે, પરંતુ સદર બનાવમાં હાલના આરોપીએ કોઈ ગુનાહિત ભાગ ભજવ્યો હોય કે હાલના આરોપીની સદર ગુનામાં કોઈ સંડોવણી હોય તેવી હકીકતને સદર શાહેદના પુરાવાથી લેશમાત્ર સમર્થન મળતું નથી.

(૧૩) ફરિયાદપક્ષે **PW2, આંકઃ ૨૨ થી તપાસ કરનાર અમલદાર રમતુજી કાનાજી ચૌહાણને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં તેઓએ સદર ગુનાના કામે તેમની ફરજના ભાગરૂપે કરેલ તપાસની કાર્યવાહી અંગેનો પુરાવો આપેલ છે.

તેઓએ ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર ઘણી અવરજવરવાળો વિસ્તાર છે. કબજે કરેલ મુદ્દામાલ તેઓએ એફ.એસ.એલ. માં મોકલેલ નથી. એવું પણ સ્વીકારેલ છે કે, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ રૂબરૂ કોઈ ઓળખપરેડ કરાવેલ નથી. આમ સદર શાહેદના પુરાવાને ધ્યાને લેતાં, આરોપીની કોઈ ઓળખપરેડ થયેલ નથી. જ્યારે બનાવવાળી જગ્યાએ અવરજવરવાળો વિસ્તાર હોય તો ચોક્કસ સ્વતંત્ર શાહેદો મળી આવે પરંતુ તેવા કોઈ સ્વતંત્ર શાહેદને સદર કામે તપાસેલા નથી. આમ સદર શાહેદના પુરાવાથી પણ આરોપી વિરૂદ્ધના ગુનાની હકીકતને નિઃશંકપણે સમર્થન મળે તેવો કોઈ પુરાવો ફલિત થતો નથી.

(૧૪) ફરિયાદપક્ષે **PW3, આંકઃ ૨૫ થી તપાસ કરનાર અમલદાર મુકેશભાઈ વજેસિંગ ભગોરાને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ સદર ગુનાની તપાસ સંભાળી માત્ર હાલના આરોપી સામે નવું ચાર્જશીટ દાખલ કરેલ છે. તે સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૧૫) સદર કામે સેશન્સ કેસ નં.૪૫/૨૦૧૫ ના કામે થયેલ શાહેદોની સોગંદ ઉપરની જુબાનીઓ સદર કામે ફરિયાદપક્ષે આંકઃ ૧૨ થી ૧૯ અન્વયે રજૂ રાખેલ છે. તે સાક્ષીઓને ફરિયાદપક્ષે આ કેસમાં ફરીથી તપાસેલા નથી એટલે કે આ આરોપીની હાજરીમાં તે સાક્ષીઓનો પુરાવો નોંધાયેલ નથી તે સંજોગોમાં તે જુબાનીઓને આ કેસમાં દસ્તાવેજી પુરાવા તરીકે ધ્યાને લઈ શકાય પરંતુ જુબાની તરીકે ધ્યાને લઈ શકાય નહીં. બચાવપક્ષે તે દસ્તાવેજોને આંકે પાડી પુરાવામાં વંચાણે લેવા સામે વાંધો નહીં હોવાનો શેરો કરેલ છે તે સંજોગોમાં તે દસ્તાવેજી આધાર પુરાવા ધ્યાને લઈએ તો તેમાં, સેશન્સ કેસ નં.૪૫/૧૫ ના કામે તપાસેલ પંચ શાહેદ જયતકુમાર શતિલાલ સોનીની જુબાની આંકઃ ૧૨ થી, પંચ શાહેદ કેતનકુમાર નટુભાઈ ઠાકોરની જુબાની આંકઃ ૧૪ થી, પંચ

શાહેદ ઈમાનીશા છોટુશા દીવાનની જુબાની આંકઃ ૧૫ થી અને પંચ શાહેદ ફારુકભાઈ ગુલામમહંમદ વોરાની જુબાની આંકઃ ૨૬ થી રજૂ છે જે તમામ પંચો ફરી ગયેલા જાહેર થયેલા છે અને જે તે પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. માત્ર આંકઃ ૧૩ થી તપાસેલા પંચ શાહેદ મનિષકુમાર કાંતિલાલ સોનીની જુબાની રજૂ થયેલ છે તેમાં તેઓએ ચેઈનની ઓળખ બાબતના પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે, પરંતુ તેમના પુરાવાથી આરોપીની સદર ગુનામાં સંડોવણી હોય તેવી હકીકતને લેશમાત્ર સમર્થન મળતું નથી. વધુમાં સેશન્સ કેસ નં.૪૫/૧૫ ના કામે તપાસેલા શાહેદ મંજુલાબેન ઉર્ફે ઉર્મિલાબેન શાહની જુબાની આંકઃ ૧૮ થી રજૂ રાખેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ વખતે સદર શાહેદ ફરિયાદી સાથે હાજર હતા, પરંતુ સદર શાહેદ પણ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈ ફરિયાદીપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ તેઓએ આરોપી વિરૂદ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો આપેલ નથી અને તેઓના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં તેઓએ ફરિયાદપક્ષના કેસ મુજબની આરોપી વિરૂદ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ નિઃશંક પુરાવો આપેલ નથી. આંકઃ ૧૭ થી પી.એસ.ઓ. કાળાભાઈની જુબાની રજૂ થયેલ છે તેઓએ તેમની ફરજના ભાગરૂપે ફરિયાદીની ફરિયાદ લઈ ગુનો રજીસ્ટર્ડ કરવાની કાર્યવાહી કર્યા અંગેનો પુરાવો આપેલ છે તેમજ આંકઃ ૧૯ થી તપાસ કરનાર અમલદાર રમતુજી કાનાજી ચૌહાણનો પુરાવો રજૂ થયેલ છે. તેઓએ તેમની ફરજના ભાગરૂપે તપાસની કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો આપેલ છે. સદર બંને પોલીસ શાહેદોએ ફરિયાદ મોડી આપવા સંબંધે કોઈ ખુલાસો રજૂ ન હોવાનું કબુલ રાખેલ છે. આમ ફરિયાદપક્ષે રજૂ દસ્તાવેજી પુરાવાથી પણ આરોપી વિરૂદ્ધના ગુનાની હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી.

(૧૬) સદર ગુનાના અન્ય સહઆરોપીઓ (૧) અશરફભાઈ હૈદરબેગ મિર્જા,(૨) ઈમરાનશા કાલુસા દીવાન તથા (૩) નૈનેશભાઈ દિનેશભાઈ પરીખ સામે અગાઉ સેશન્સ કેસ નં.૪૫/૨૦૧૫ થી ઈન્સાફી કાર્યવાહી ચલાવી આણંદના વિદ્વાન ત્રીજા એડિશનલ સેશન્સ જજશ્રીએ ગુણદોષ ઉપર નિર્ણય કરી ત્રણેય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો તારીખઃ ૨૭–૦૨–૨૦૧૭ ના રોજ હુકમ કરેલ છે.

(૧૭) આમ, આ કામે રેકર્ડ ઉપર રજૂ સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં, હાલના આરોપીએ મુળ ચાર્જશીટના અગાઉ પકડાયેલ અન્ય આરોપીઓ સાથે મળી ફરિયાદીના ગળામાં પહેરેલ સોનાનો દોરો પેડલવાળાની લુંટ કરી હોય કે ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી હોય અને તેમ કરી આંકઃ ૦૫ થી ફરમાવેલ તહોમતનામા મુજબનો ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૯૪ સાથે વાંચતા કલમ– ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર કોઈ ગુનો કરેલ હોવાનું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલા નથી.

(૧૮) આમ, રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં ઉપર વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષ તરફથી હાલના આરોપીને સદર ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ નિઃશંક પુરાવો રજૂ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ અને હાલના આરોપી વિરુદ્ધ મુકવામાં આવેલ કોઈ પણ આક્ષેપ વ્યાજબી શંકારહિત સાબિત થતો ન હોય ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માની **મુદ્દા નંબર– ૦૧** નો જવાબ **નકારમાં** ઠરાવું છું અને મુદ્દા નંબર– ૦૨ અંગે હાલના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા સબબ નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

## ॥ હુ ક મ ॥

(૧) પ્રસ્તુત **સેશન્સ કેસ નં.૨૧/૨૦૨૬** આણંદ ટાઉન પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટ્રેશન નંબરઃ ૨૨૮/૨૦૧૩ ના કામે આરોપી

ઈમ્ત્યાજભાઈ અબ્દુલભાઈ મલેકને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૨૩૫ (૧) મુજબ, ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૯૪ સાથે વાંચતા કલમ- ૧૧૪ મુજબ ગુનાના તહોમત સબબ પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી જામીન ઉપર હોઈ તેઓના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૪૩૭ (એ) અન્વયે આરોપીને રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર) ના જામીન તથા જામીનખત રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

(૪) અપીલ સમય પુરો થયા બાદ આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ પૈકી ટી.વી.એસ. સુઝુકી મોટરસાયકલ રજીસ્ટ્રેશન નંબરઃ જી.જે.૦૭-એ.ડી.-૬૯૦૩ તેમજ સોનાનો દોરો મેથી ભાતનો MK નું પેન્ડલ ફીટ કરેલ સાથેનો, અંગે અગાઉ તેના જે તે માલિકને પરત સોંપવાનો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો તેવો કોઈ હુકમ થયેલ ન હોય તો તેની માલીકીની ખરાઈ કરી જે તે વ્યક્તિને પરત કરવા અથવા જો અપીલ થયેલ હોય તો અપીલ અદાલત આ તમામ મુદ્દામાલ અંગે જે હુકમ કરે તે મુજબ તેનો નિકાલ કરવો.

(૫) આરોપીનો પાસપોર્ટ જમા હોય તો તે તેમને પરત કરવો.

(૬) આ હુકમની જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખઃ ૦૨ માહેઃ જુન સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ આણંદ.

તારીખઃ ૦૨-૦૬-૨૦૨૬.

**(સંજયકુમાર લવજીભાઈ ઠક્કર)**
પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ
આણંદ.
**(કોડ નં.જી.જે.૦૦૫૮૮)**

IBRaval